# દિવ્યાંગોના શિક્ષણ માટે ફરજરત કર્મચારીઓના પ્રશ્નો વણઉકલ્યા

## કર્મચારીઓએ મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી ઝડપી ઉકેલ લાવવા રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૭

દિવ્યાંગોના શિક્ષણ અને કલ્યાણ માટે કામ કરતી સરકારી શૈક્ષણિક સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને છેલ્લા પાંચ પાંચ વર્ષથી વિવિધ સરકારી લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. તંત્ર દ્વારા લાભો આપવામાં સીસીસી પાસ થયાની તારીખ ગણવામાં આવતી હોવાથી કર્મચારીઓએ ન્યાય માટે રાજયના મુખ્યમંત્રી તેમજ સામાજીક ન્યાય વિભાગના અગ્ર સચિવને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળના સમાજ સુરક્ષા વિભાગ હસ્તકની દિવ્યાંગોના શિક્ષણ અને કલ્યાણક્ષેત્રે કાર્ય કરતી સરકારી સંસ્થાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓના ફરજના પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા હોવા છતા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા ફુલ પગારના હક્કો આપવામાં આવતા નથી.પાંચ વર્ષ ફરજ પૂર્ણ કરેલ કર્મચારીઓને સીસીસી પાસ કર્યાની તારીખથી ગણતરી કરીને લાભ આપવામાં આવ્યા છે. પરંતુ આ કર્મચારીઓ લાભ થી વંચિત રહ્યા છે. દિવ્યાંગોના શિક્ષણ અને કલ્યાણ માટે ફરજ બજાવતા કર્મચારીને ફરજ પર પાંચ પુરા થઈ ગયા હોવા છતા સુરક્ષા વિભાગ દ્વારા મનસ્વીપણે નિર્ણય લેવામાં આવ્યો છે. જેનાથી કર્મચારીઓને અન્યાય થઈ રહ્યો છે. જેને પગલે પાટનગરની સત્યાગ્રહ છાવણી દિવ્યાંગોના શિક્ષણ અને કલ્યાણ માટે ફરજ બજાવતા કર્મચારીઓ આવી પહોંચ્યા હતા. ન્યાય મેળવવા માટે વિકલાંગ વેલફેર ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રી ઓફિસ તેમજ સામાજીક ન્યાય અધિકારીતા વિભાગના અગ્ર સચિવને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હોવાનું જયેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

# સે. ૩ ન્યુમાં રહેતી યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## ઘરે પહેલા માળે પોતાના રૂમમાં પંખે દુપટ્ટો બાંધી કોઈ કારણોસર અંતિમ પગલું ભર્યું

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૩ એ ન્યુ ખાતે ગઈ મોડી સાંજે એક અપરિણીત યુવતીએ પોતાના ઘરે પહેલા માળે જઈ પોતાના રૂમના પંખે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. યુવતીએ કયા કારણોસર અંતિમ પગલું ભર્યું તે બાબત હજુ સુધી રહસ્યમય છે. સે-૭ પોલિસે યુવતીનો મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૩-એ ન્યુ ખાતે પ્લોટ નં. ૧૭૬/૨માં રહેતી ૩૨ વર્ષીય અપરિણીત યુવતી શ્રદ્ધા અનિલભાઈ રાઠોડ ગઈ કાલે પોતાના ઘરે હતી તે દરમિયાન મોડી સાંજે તેણીના પહેલા માળે સ્થિત રૂમમાં ગઈ અને પંખે દુપટ્ટો બાંધી કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ પરિવારજનોને થતા સ્તબ્ધ થઈ ગયા હતા. સે-૭ પોલિસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી જમાદાર પ્રવિણસિંહે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. જો કે હજુ સુધી યુવતીના આપઘાત કરવા પાછળનું કારણ બહાર આવ્યું નથી.

# વડાપ્રધાનનો જન્મદિવસ સેવા દિવસ તરીકે ઉજવાયો



આજરોજ તા. ૧૭-૯-૨૦૧૭ જે ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો૬૮મો જન્મ દિવસ ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી. જેના અંતર્ગત વોર્ડ-૧ના ચરેડી છાપરા ખાતે સ્વચ્છતા અભિયાન, ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ, દવાઓનું વિતરણ તથા સ્વાઈન ફ્લુની સામે રક્ષણ મેળવવા માટે ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર શ્રીમતી બરખાબેન જ્હા, હર્ષાબા ધાંધલ, ડૉ. મમતાબેન દેસાઈ, ધર્મેન્દ્રભાઈ પટેલ, ઉમેશભાઈ જ્હા, જીલુભા ધાંધલ ઉપરાંત વોર્ડના એસ.આઈ. અમીતભાઈ પટેલ તેઓની ટીમ સાથે રહી ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું.

# ગાંધીનગરમાં બે વિદેશી યુવતિઓને ગરબાનું ઘેલું લાગ્યું..!!!

ગાંધીનગર, તા. ૧૭

શહેરમાં નવરાત્રીને આવકારવા યુવા હૈયા થનગની રહ્યાં છે અને ઢોલ ઢબુકવા લાગ્યાં છે ત્યારે ગાંધીનગરમાં બે વિદેશી યુવતિઓને પણ ગરબાનું ઘેલુ લાગ્યું છે. હાલ આ બન્ને યુવતિઓ પણ નવરાત્રીમાં ગરબે ઘુમવા ગરબાના સ્ટેપ્સ શીખી રહી છે. બંને યુવતિઓને સે. ૪માં મયંક દવે તથા નંદ દવે ગરબાની વિનામૂલ્યે તાલીમ આપી રહ્યાં છે.

સ્ટુડન્ટ્સ એકચેન્જ પ્રોગ્રામ હેઠળ કેનેડાના મંચાના સ્ટેટના બોર્સમેન કાઉન્ટીથી આવેલ અનિકા તથા અમેરિકાના ક્યુબેક ટાઉનથી આવેલ નાઓમીને ગુજરાતનો નવરાત્રિ ઉત્સવ આશ્ચર્યજનક લાગે છે. અનિકા કહે છે કે અમે માત્ર ક્રિસમસમાં જ ડાન્સ કરીએ છીએ અને તે પણ ફરજિયાત નથી હોતુ પરંતુ અહીંની નવરાત્રીમાં સતત નવ દિવસ નૃત્યોત્સવ ચાલે છે તે મારા માટે અચરજ સમાન છે. નાઓમીને ડાન્સ ખૂબ જ ગમે છે એટલે તે નવરાત્રીમાં ગરબા કરવા માટે અત્યંત ઉત્સાહિત છે. છેલ્લા ત્રણેક માસથી ગાંધીનગરમાં વસી સેક્ટર-૨૩માં એમ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલમાં ધો. ૧૧માં અભ્યાસ કરતી બંને યુવતિઓ માત્ર ૧૯ વર્ષની છે. રક્ષાબંધન, જન્માષ્ટમી અને




ગણપતિ ઉત્સવથી પણ પ્રભાવિત થયેલી આ બંને અલ્લડ યુવતિઓ હવે નવરાત્રીમાં ગરબે ઘુમવા રીતસર થનગની રહી છે.

ભારતની કુટુંબ ભાવનાથી પણ અભિભૂત નાઓમી કહે છે કે 'અમે અમારા પડોશીને ઘરની ચાવી આપીને જઈ શકતા નથી.'' ગુજરાતીઓ ખૂબ જ મળતાવડા હોવાનું જણાવતા અનિકા કહે છે કે અહીં જે આશિર્વાદ આપવાની પ્રથા છે તે મને ખૂબ ગમે છે. તે કબૂલે છે કે અમારે ત્યાં મિત્રતાનું વધુ મહત્વ છે. જયારે અહીં પરિવારનું હોળી રમવાની અદમ્ય ઈચ્છા ધરાવતી અનિકાને ગરબાનું સંગીત અને સ્ટેપ્સ બંને ખૂબ પસંદ છે. નાઓમી માને છે કે ભારતીયો ટેકનોલોજીનો ખૂબ ઓછો ઉપયોગ કરે છે પરંતુ અહીંના નાગરિકો હંમેશા સ્વાગત કરવા તૈયાર હોય છે. નાઓમીને તો ભારતમાં ત્રણ ત્રણ પેઢી એક સાથે એક જ ઘરમાં રહે છે તે પણ ઘણું રોમાંચિત કરે છે. ભારતને કુદરતી તથા ઐતિહાસિક સ્થળોની કલ્પનાથી જોનાર બંને યુવતિઓને અહીંનું ફુડ પણ ખૂબ જ પસંદ આવી ગયું છે. ગુજરાતી ટ્રેડિશ્નલ વસ્ત્રો જોઈ અત્યંત ઉત્સાહિત થઈ જતી આ બંને યુવતિઓ ગાંધીનરની નવરાત્રિમાં ધૂમ મચાવવા સજ્જ થઈ રહી છે.

### આ તો આપણાં મહેમાન કહેવાય

ગાંધીનગરના સેક્ટર-૪માં સુરમધુર કલાવૃંદના મયંક દવે તથા તેમના દિકરા નંદ દવે અને દિકરી અર્પિતા મહારાજા બંને વિદેશી યુવતિઓનો વિના મૂલ્યે ગરબાં શિખવાડી રહ્યાં છે. તેઓ કહે છે કે 'આ બંને યુવતિઓ આપણા મહેમાન છે અને મહેમાન પાસેથી પૈસા ના લેવાય.'' અત્રે ઉલ્લેખનીય છે કે મયંક દવે દર નૂતન વર્ષે ગાંધીનગરના તમામ કલાકારોને સન્માનવાનો પણ કાર્યક્રમ નિયમિતપણે યોજે છે.

# ગાંધીનગર પોલીસે ૧૫૦૦ આશાવર્કર બહેનોને ડીટેઈન કરી

## વડાપ્રધાન મોદીના જન્મ દિવસને શોષણ દિવસ તરીકે ઉજવીને વિરોધ કરવાનો કાર્યક્રમ હતો



ગાંધીનગર, તા. ૧૭

રાજયના મોટા ભાગના જિલ્લાઓમાંથી આશાવર્કર બહેનો પાટનગર ગાંધીનગરમાં આવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસને શોષણ દિવસ તરીકે ઉજવી વિરોધ કરવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. આ કાર્યક્રમ અનુસંધાને પાટનગરમાં આવેલા ૧૫૦૦ જેટલા આશાવર્કર બહેનોને અને તેમના વાહનોને ડીટેઈન કરી પોલીસે કડક કાર્યવાહી કરી હતી. ગઈકાલે મોડી સાંજથી આજે બપોર સુધી પોલીસને આશાવર્કર બહેનોએ દોડતી રાખી હતી.

આશા વર્કર બહેનો ઘણા સમયથી પોતાની વિવિધ માંગણીઓને પગલે ગાંધીનગરમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનો કરી ચુકી છે. ઉપવાસ, ધરણા, રેલી, ઉગ્ર દેખાવો કશુ જ બાકી રાખ્યુ નથી. આખરે હવે પોતાની માંગણીઓ વડાપ્રધાનના ધ્યાને આવે તે માટે વડાપ્રધાન મોદીના જન્મ દિવસે જ શોષણ દિવસની ઉજવણી કરવાનો કાર્યક્રમ આશાવર્કર બહેનોએ જાહેર કર્યો હતો. વડાપ્રધાન પણ ગાંધીનગરમાં હોવાથી આ કાર્યક્રમ ન થાય તે માટે પોલીસ પૂર્વ સંધ્યાથી જ એક્ટીવ બની ગઈ હતી અને ચંદ્રીકાબેન સહિતના આગેવાનોને ડીટેઈન કરવાનું શરૂ કરી દીધુ હતુ. આજે અલગ અલગ વાહનોમાં પાટનગરમાં આવી પહોંચેલી ૧૫૦૦ જેટલી આશાવર્કર બહેનોને પોલીસે અલગ અલગ સ્થળોએથી ડીટેઈન કરી લીધી હતી. તે ઉપરાંત તે જે વાહનોમાં આવ્યા હતા તે વાહનો પણ ડીટેઈન કરી આરટીઓ મેમો ફટકારવામાં આવ્યો હતો. દિવસભર પોલીસ આશાવર્કર બહેનોને ડીટેઈન કરવા ધંધે લાગેલી જોવા મળી હતી.

# સફાઈ કામદારોને સેનેટાઈઝર પાઉચનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૭

વિશ્વકર્મા જયંતિ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૬૮માં જન્મદિવસ નિમિત્તે ગાંધીનગરની ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ સંસ્થા દ્વારા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમના ૩૦૦ સફાઈ કામદારોને સેનેટાઈઝર પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રોજેક્ટ કો ઓર્ડિનેટર ડૉ. કિર્તિરાજ પંડિતે સફાઈ કર્મચારીઓને સ્વાઈન ફલુ સહિતના રોગોથી રક્ષણ માટે માર્ગદર્શન આપ્યું



હતું. કાર્યક્રમમાં ગુજરાત ક્રિકેટ એસોસિએશન, એસટીયુપી કન્સલટન્સી, બીએન્ડએફઆઈસી બિલ્ડીંગ, એલએન્ડટી સહભાગી બન્યા હતા. આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના પ્રમુખ કુંપલ દવે, ઉપપ્રમુખ ઉદય ખંમભર, મંત્રી શિલ્પા દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા યોજના તો પૂર્ણ થઇ, હવે કલ્પસરની કલ્પના સાકાર કરવાનો ભાજપને પડકાર છે

ગુજરાતનો નર્મદા ડેમ ૫૭ વર્ષે પૂર્ણ થયો છે. આ ડેમના બાંધકામ તેમજ નહેરોના નેટવર્ક પાછળ ૫૭૦૦૦ કરોડથી વધુ નાણાં ખર્ચાયા છે. એટલે કે એક વર્ષમાં ૧૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાઇ ચૂક્યાં છે. પાંચમી એપ્રિલ ૧૯૬૧ના રોજ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ બંધનું ખાતમૂહુર્ત કર્યું હતું અને તેનું ઉદઘાટન ૨૦૧૭માં નરેન્દ્ર મોદીના હસ્તે તેમના જન્મદિને થયું છે. ગુજરાતમાં ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે સૌરાષ્ટ્રની મહત્વકાંક્ષી

### નર્મદા યોજનામાં તો આંખે પાણી આવી ગયા છે, 'કલ્પસર' તો દૂરની વાત છે

એવી કલ્પસર યોજનાને ભાજપ તેના ચૂંટણી મેનિફેસ્ટોમાં ફરીથી દાખલ કરવા જઇ રહ્યું છે. અગાઉ ૨૦૧૨ના ચૂંટણી મેનિફેસ્ટોમાં કલ્પસર યોજનાને શરૂ કરવાના વચનો આપી ચૂકાયા છે તેમ છતાં ફરીથી આ યોજના માટેના વચનો આવી શકે છે.

ગુજરાત સરકાર માટે કલ્પસર યોજના એ હાલ તો એક કલ્પના




છે. ગલ્ફ ઓફ ખંભાતમાં બનનારી આ સૂચિત યોજના માટે નાણાં ફાળવણી સહિતના અનેક પડકારો છે. હાલ તેનો ફિઝિબિલિટી સ્ટડી ચાલી રહ્યો છે. સરકાર જો આ યોજનાનું ખાતમૂહુર્ત કરે તો ૨૦ વર્ષે આ યોજના સાકાર થઇ શકે તેમ છે. ૧૯૯૮માં કરાવેલા સર્વે પ્રમાણે આ યોજનાનો ખર્ચ ૫૩૦૦૦ કરોડ નક્કી થયો હતો પરંતુ અસરકારક કાર્યવાહી ન થતાં ૨૦૧૫-૧૬ના અનુમાન પ્રમાણે આ યોજના પાછળ ૯૦,૦૦૦ કરોડના ખર્ચનો અંદાજ હતો, પરંતુ હાલની સ્થિતિએ આ યોજનાનો ખર્ચ એક લાખ કરોડને ક્રોસ કરી ગયો છે. ગુજરાત સરકારે આ યોજનાના વિવિધ પ્રકારના સ્ટડી માટે અત્યાર સુધીમાં ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. હજી કલ્પસરમાં સ્ટડી કરવાના બાકી છે. કુલ ૪૩ પૈકી ૨૧ સ્ટડી પૂર્ણ કરવામાં આવ્યા છે. સરકારે આ યોજનાની ઓરિજનલ ડિઝાઇન પણ બદલી નાંખી છે. ટાઇડલ વીજ પ્રોજક્ટ રદ કરીને વિન્ડ અને સોલાર એનર્જીનો પ્રોજેક્ટ બનાવ્યો છે.

૧૯૬૯માં ગુજરાત રાજ્ય ગેઝેટમાં નદીઓના પાણીને સમુદ્રમાં જતા અટકાવવા અને તેનો ઉપયોગ કરવા ખંભાતના અખાતમાં ૨૫ માઈલ લાંબો માટીનો પાળો કરવાનો ઉલ્લેખ છે. જો કે ડો. અનિલ કાણે કે જેઓ આ પ્રોજેક્ટના સ્વપ્નદ્રષ્ટા હતા તેમના દ્વારા આ પ્રોજેક્ટને સંભવિત પ્રોજેક્ટ તરીકે ૧૯૮૦માં વિકસાવવામાં આવ્યો હતો. આ યોજનાને આગળ ધપાવવા માટે ૧૯૯૯માં ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ ધાર્યું નિશાન પાર પાડી શક્યા ન હતા.




પહેલાં કલ્પસરમાં સમુદ્રમાં ૬૪ કિલોમીટરનો આડબંધ બાંધવાનો થતો હતો પરંતુ સરકારે તે અંતર ઘટાડીને ૩૦ કિલોમીટર કર્યું છે. આ બંધમાં ૧૦,૦૦૦ મિલિયન ઘનમીટર પાણી પૈકી ૬૫૬૮ મિલિયન ઘનમીટર મીઠું પાણી સંગ્રહી શકાશે, જ્યારે આટલો લાંબો બ્રીજ બનતાં ભાવનગર થી સુરત વચ્ચેના અંતરમાં ૨૦૦ કિલોમીટરનો ઘટાડો થશે. બંધના મથાળે ૧૦ માર્ગિય રસ્તાઓ અને રેલ્વે માર્ગનું આયોજન છે. સરકારે કહ્યું છે કે કલ્પસર સાકાર થતાં બંધ પરના રોડ નિર્માણથી સુરત થી અમેરેલીનું ૯ કલાકનું અંતર ઘટીને માત્ર ત્રણ કલાક થશે. ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, જામનગર, રાજકોટ અને મોરબીની ૧૦૫૪૫૦૦ હેક્ટર જમીનને સિંચાઇનો લાભ મળશે. ૫૮૮૦ મેગાવોટની વીજળી ઉત્પન્ન કરાશે.

### ૩૭ વર્ષ પછી પ્રોજેક્ટમાં ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાની વાતો થાય છે

કલ્પસર બંધમાં ગુજરાતની મહી, નર્મદા, સાબરમતી સહિતની કુલ ૧૨ નદીઓના પાણી ઠલવાશે. નર્મદાની સૌરાષ્ટ્રની નહેર કરતાં દોઢ ગણી વધારે ક્ષમતા ધરાવતી ૬૬૦ કિલોમીટરની લાંબા કલ્પસર નહેર બનશે. કલ્પસર યોજનાનો મોટો ફાયદો એ છે કે આ યોજનામાં ઇન્ટરનેશનલ વિવાદ નથી. ખાનગી જમીન ડૂબમાં જતી નથી અને અસ્વૈચ્છિક માનવ સ્થળાંતર નથી. ભાડભૂત યોજનાએ કલ્પસરનો ભાગ છે. આ યોજનામાં નર્મદા નદીના પાણીને ભાડભૂત બેરેજ નહેર વાટે મીઠા સરોવરમાં દાખલ કરવામાં આવતા નદીનો કાંપ સરોવરમાં આવશે નહીં, પરિણામે સરોવરનું આયુષ્ય ૫૦૦ વર્ષનું આંકવામાં આવ્યું છે. બીજી તરફ નહેર ખોદીને મેળવેલી માટીના જથ્થાને આડબંધ બનાવવામાં ઉપયોગ લેવાશે. સિંચાઇના પાણીના ઉદવહન માટે પવન અને સૌર ઉર્જાનો ઉપયોગ કરવાનો છે.

### યોજનાના સ્વપ્નદ્રષ્ટા ડો. અનિલ કાણે ને તો ગુજરાત સરકારે દૂર કરી દીધા છે

કલ્પસર વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે કલ્પસરનો ડીપીઆર તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સી માટેના ટેન્ડર પેપર્સ તૈયાર કરવામાં આવી રહ્યાં છે. સરકારી ૧૧૨૩ હેક્ટર, ખાનગી ૧૦૩૮ હેક્ટર અને વન વિભાગની ૧૮૭ હેક્ટર જમીન સંપાદન કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**કલ્પસર યોજનાની ખાસિયત...**

- ડેમની લંબાઈ – ૩૦ KM
- પહોળાઈ – ૧૦૦ મીટર, જેના પર ૧૦ માર્ગીય રસ્તો અને એક રેલવે ટ્રેક બનશે
- જળાશયનો વિસ્તાર – ૨૦૦૦ ચોરસ કિમી
- પાણીનો સંગ્રહ – ૧૦૦૦ કરોડ ઘ.મી.
- સિંચાઈ માટે પાણી ફાળવાશે : ૬૫૦૦ કરોડ ઘ.મી.
- વિદ્યુત ઉત્પાદન – ૫૮૮૦ MW
- સિંચાઈ – ૧૦.૫૪ લાખ હેક્ટર વિસ્તાર અને ૬૦ ડેમ કાયમી ધોરણે ભરી શકાશે
- લગભગ ૪૦૦ થી ૫૦૦ વર્ષ સુધી આ યોજનાનો લાભ મળી શકશે
- દહેજ અને ભાવનગર સિવાય નવા પોર્ટ પણ વિકાસ પામશે

**કલ્પસર યોજનાના મુખ્ય ફાયદા...**

- દુનિયાનું સૌથી મોટું ચોખ્ખા પાણીનું કૃત્રિમ સરોવર
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને મળશે પીવા તથા સિંચાઈ માટે પાણી
- નર્મદા નદી પરના સરદાર સરદાર સરોવર કરતા બે ગણું પાણી સંગ્રહ કરી શકાશે
- રાજ્યના ૬૦ જેટલા ડેમ હંમેશને માટે ભરી દેવાશે
- સૌરાષ્ટ્રની નદીઓને પુનઃ વહેતી કરાશે
- પવન ઊર્જા અને સૂર્ય ઊર્જાનું ઉત્પાદન કરાશે
- ભાવનગર બંદરને પુનઃ જીવંત કરાશે જે ગુજરાતના વિકાસમાં સહભાગી થશે
- ભાવનગરથી સુરતના અંતરમાં ઘટાડો થવાથી સમય અને ઈંધણની બચત
- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભૂગર્ભ જળ જે ખારું છે તે મીઠું બનશે
- જમીન વધારે ફળદ્રુપ બનશે અને ખેત ઉત્પાદન વધશે.
- મત્સ્ય ઉદ્યોગને વેગ મળશે.
- દહેજ અને ધોલેરા જેવા ઔદ્યોગિક વિસ્તારોને પણ લાભ મળશે.

કલ્પસર પ્રોજેક્ટના તજજ્ઞ ડો. અનિલ કાણે એ કહ્યું હતું કે-



''માત્ર ભાવનગર નહી પણ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારને નર્મદા યોજનાથી બહુ બહુ તો પીવાનું પાણી મળી શકશે બાકી જો કૃષિ માટે સિંચાઇનું પાણી જોતું હોય તો કલ્પસર પ્રોજેક્ટ તારણહાર બની શકે તેમ છે. વળી યોજનામાં કોઇની વ્યક્તિગત જમીન સંપાદન કે કોઇને સ્થળાંતર કરવું પડે તેમ નથી. ખોટા માણસો જેને આપણે ફાઇલ પુશર કહીએ છીએ તેવા લોકો આવી જતા પ્રોજેક્ટ ૨૦૦૪ પછી આગળ વધ્યો નથી. યોજના સર્વે કરતા આગળ વધી શકી નથી. તે દુઃખદ બાબત છે. બાકી પ્રોજેક્ટથી કોઇને નુકશાન નથી. તેજોદ્વેષના કારણે મને હવે પ્રોજેક્ટથી અળગો કરી દેવામાં આવ્યો છે. બાકી હું પ્રોજેક્ટ એક પણ રૂપિયો લીધા વગર પૂર્ણ કરી દેખાડવા સક્ષમ છું.''